**JFK** મેડીકલ સેન્ટર **અને જહોન્સન પુનર્વસવાટ સંસ્થા**
**ફાયનાન્સીયલ આસિસ્ટન્સ નીતિ - સાદી ભાષામાં સારાંશ**

JFK Health System, Inc., ની ફાયનાન્સીયલ આસિસ્ટન્સની નીતિ ("FAP"), જેમાં JFK મેડીકલ સેન્ટર અને જહોન્સન પુનર્વસવાટ સંસ્થા (સામૂહિક રીતે "JFK") શામેલ છે, જે એવા દર્દીઓને નાણાકીય સહાય પૂરી પાડવા માટે અસ્તિત્વ ધરાવે છે કે જેઓ આરોગ્યની જરૂરિયાત ધરાવતા હોય અને વીમા વિનાના, અપૂરતા વીમા કવરેજ સાથેના, અન્ય સરકારી સહાય માટે અયોગ્ય, અથવા અન્યથા તેમની વ્યક્તિગત નાણાકીય પરિસ્થિતિ પર આધારિત ઇમરજન્સી અથવા અન્ય તબીબી રીતે આવશ્યક આરોગ્ય સંભાળ સેવાઓ માટે ચૂકવણી કરવામાં અક્ષમ છે. નાણાકીય સહાય મેળવવા માટે દર્દીઓને આ પ્રોગ્રામ માટે અરજી કરવી જોઇએ, જે અહીં સંક્ષિપ્ત છે.

પાત્ર સેવાઓ: નાણાકીય સહાય માત્ર ઇમરજન્સી અથવા અન્ય રીતે જરૂરી તબીબી આરોગ્ય સંભાળ માટે જ ઉપલબ્ધ છે. JFK મેડીકલ સેન્ટર અને જહોન્સન પુનર્વસવાટ સંસ્થા સુવિધાઓ દ્વારા પૂરી પાડવામાં આવેલી બધી સેવાઓ FAP હેઠળ આવરી લેવામાં આવી નથી. અન્ય પ્રદાતાઓ દ્વારા અલગથી બિલ કરવામાં આવતી કેટલીક સેવાઓને આવરી લેવામાં આવતી નથી. કૃપા કરીને પ્રદાતાઓની સૂચિ કે જે તે સુવિધાઓની અંદર આરોગ્ય સંભાળ સેવાઓ પ્રદાન કરે છે અને તેઓ FAP હેઠળ આવરી લેવામાં આવે છે કે નહીં તેના માટે JFK ના FAP ના પરિશિષ્ટ A નો સંદર્ભ લો.

પાત્ર દર્દીઓ: પાત્ર સેવાઓ મેળવનારા દર્દીઓ, જે પાત્રતાના માપદંડને સંતોષે છે અને તમામ જરૂરી દસ્તાવેજો સહિત પૂર્ણ નાણાકીય સહાય અરજી રજૂ કરે છે.

કેવી રીતે અરજી કરવી:નીચે પ્રમાણે FAP and FAP અરજી મેળવી શકાય /પૂર્ણ કરી શકાય/રજૂ કરી શકાય છે:

- નીચેની વેબસાઇટ પરથી દસ્તાવેજો ડાઉનલોડ કરો: https://www.jfkmc.org
- વિનંતી કરેલ દસ્તાવેજો (732) 321-7566 પર બિઝનેસ ઓફિસને ફોન કરીને તમને મેઇલ કરવામાં આવશે.
- JFK ની સુવિધાઓના વિવિધ વિસ્તારોમાં પેપર નકલો ઉપલબ્ધ છે. ઇમરજન્સી રૂમ, દર્દીની નોંધણીના દાખલ થયાના વિસ્તારો અને બિઝનેસ ઓફીસ જે આ પર સ્થિત છે: JFK Medical Center, 65 James Street, Edison, NJ 08820, આમાં સામેલ છે, પરંતુ તે પુરતું મર્યાદિત નથી.
- દર્દીઓ અરજી પૂર્ણ કરવામાં સહાય માટે નાણાકીય પ્રતિનિધિ સાથે એપોઇન્ટમેન્ટ સુનિશ્ચિત કરી શકે છે. જો કોઇ દર્દી વ્યક્તિગત રીતે અરજીને પૂર્ણ કરવાનું પસંદ કરે તો, તેઓએ પૂર્ણ કરેલ અરજી (તમામ જરૂરી સહાયક દસ્તાવેજો સાથે) ને આના પર મેઇલ કરવી જોઇએ: JFK Medical Center Admissions Office, 65 James Street, Edison, NJ 08820

નાણાકીય સહાય પાત્રતા: સામાન્ય રીતે, વીમા વિનાના અને અપૂરતા વીમા કવરેજ સાથેના દર્દીઓ સંપૂર્ણ નાણાકીય સહાય માટે પાત્ર હોઇ શકે છે જ્યારે તેમના પરિવારની કુલ આવક ફેડરલ ગરીબી સ્તર ("FPL") ના 200% કરતાં ઓછી અથવા તે જેટલી હોય. વધુમાં, બધા વીમા વિનાના દર્દીઓ આંશિક નાણાકીય સહાય માટે પાત્ર છે.

નાણાકીય સહાય સ્તરો, જે ફક્ત FPL પર આધારિત છે:

- પરિવારની કુલ આવક FPL ના 200% થી ઓછી કે તેના જેટલી છે;
  સંપૂર્ણ નાણાકીય સહાય; દર્દીને $0 બિલ ચૂકવવાપાત્ર છે.
- પરિવારની કુલ આવક FPL ના 200% થી વધારે છે પરંતુ 300% કરતાં ઓછી અથવા તેના જેટલી છે;
  આંશિક નાણાકીય સહાય; ઓછા ચૅરિટિ સંભાળ અને રહેમિયત સંભાળ ડિસ્કાઉન્ટ અથવા AGB.
- પરિવારની કુલ આવક FPL ના 200% થી વધારે છે પરંતુ 500% કરતાં ઓછી અથવા તેના જેટલી છે;
  આંશિક નાણાકીય સહાય; ઓછા વીમા વિનાના ડિસ્કાઉન્ટ અથવા AGB.
- વીમા વિનાના દર્દીઓ;
  આંશિક નાણાકીય સહાય; ઓછા રહેમિયત સંભાળ ડિસ્કાઉન્ટ અથવા AGB.

નોંધ: એફ્પીએલની બહારનાં અન્ય માપદંડને પણ ધ્યાનમાં લેવામાં આવે છે (જેમ.કે. મિલકત થ્રેશોલ્ડ, રહેઠાણ સ્થિતિ, વીમા સ્થિતિ), જેના પરિણામે પૂર્વવર્તીમાં અપવાદ હોઇ શકે છે. JFK ના નાણાકીય પ્રતિનિધિઓ રજૂ કરેલ અરજીઓની સમીક્ષા કરશે, અને FAP ના આધારે નાણાકીય સહાયની યોગ્યતા નક્કી કરશે.

આ FAP હેઠળ નાણાકીય સહાયને પાત્ર બનવાનું નક્કી કરનાર વ્યકિતને કોઇપણ ઇમરજન્સી અથવા અન્ય રીતે જરૂરી તબીબી આરોગ્ય સંભાળ માટે સામાન્ય રીતે બિલ કરેલ રકમ ("AGB") થી વધુ ચાર્જ કરવામાં નહી આવે. FAP પાત્ર કોઇપણ વ્યક્તિને હમેશા AGB કરતા ઓછુ અથવા આ નીતિ હેઠળ ઉપલબ્ધ કોઇપણ ડિસ્કાઉન્ટ ચાર્જ કરવામાં આવશે.

ભાષાંતરો ની ઉપલબ્ધતા: FAP, અરજી અને PLS અંગ્રેજીમાં અને અંગ્રેજીમાં મર્યાદિત પ્રાવીણ્ય ("LEP") ધરાવતા લોકોની પ્રાથમિક ભાષામાં ઉપલબ્ધ છે, જે 1,000 વ્યક્તિઓ કરતા અથવા JFK દ્વારા સેવા અપાયેલ સમુદાયના 5% કરતા ઓછા છે.

મદદ, સહાયતા અથવા પ્રશ્નો માટે કૃપા કરીને બિઝનેસ ઓફિસને (732) 321-7566 પર ફોન કરો.